Letter No: FED/0268/11/2024 Approved Date: 22-11-2024

૨૦૨૪-૨૫

જનરલ

સને ૨૦૨૪-૨૫ના વર્ષે માટેની વહીવટી મંજૂરીના સુધારા ઠરાવ બાબત.

સામૂહિક વન નિર્માણ યોજના (૨૬-૪૪૦૬), વિભાગ-૧ (નવી બાબત)

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: FED/BJT/e-file/6/2023/3210/M

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: *E-sign* મુજબ

વંચાણે લીધા :-

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૦૫/૦૩/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષક, સામાજિક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૪/૧૦/૨૪ના પત્ર ક્રમાંક: સા.વ.યો./અ/ટે.૬/૧૨૯૦-૯૧/૨૦૨૪-૨૫.

સુધારા ઠરાવ

સને ૨૦૨૪-૨૫ના નાણાંકીય વર્ષમાં સામૂહિક વન નિર્માણ યોજના (૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૧૦) હેઠળ પરિક્ષેત્ર વન અધિકારી, સામાજિક વનીકરણ રેન્જ, ખંભાળિયાની કચેરી-૧ તથા ભાણવડ કચેરી-૧ના બાંધકામની કામગીરી માટે વિભાગ-૧, નવી બાબત માટે રૂ.૦૭૧ કરોડની મંજૂરી વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં-૪ હેઠળની શરતોની શરત નં-૧૧ -"બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજુરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે" રદ કરવા વંચાણે લીધા ક્રમાંક-(૨) સામેના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, નીચેની શરતોને આધીન ઉપર વંચાણે લીધા ક્રમ –(૧)ના ઠરાવના મુદ્દા નં-૦૪ હેઠળની શરત નં-૧૧ આથી રદ કરવામાં આવે છે તથા નીચે મુજબની શરતો ઉમેરવામાં આવે છે.

(૧૧) (ક) વન વિભાગ દ્વારા બાંધકામ અંગેના પ્રવર્તમાન S.O.R અને P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે તેમજ વન વિભાગ દ્વારા બાંધકામ એજન્સીની પસંદગી સ્પર્ધાત્મક બોલી (Competitive Bidding) થી કરવાની રહેશે.

(ખ) પ્રતિનિયુક્તિ પર નિમાયેલ નાયબ કાર્યપાલક ઈજનેર, જુનાગઢ પાસેથી તાંત્રિક માર્ગદર્શન તેમજ તેઓના મોનીટરીંગ હેઠળ કામગીરી કરવાની રહેશે.

(ગ) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનું પાલન કરવાની તથા ગુણવત્તા અંગેની તમામ જવાબદારીઓ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HOFF, ગાંધીનગરની રહેશે.

૩. ઉપરોક્ત સિવાય ઉપર વંચાણે લીધા ક્રમાંક-(૧)ના ઠરાવની અન્ય તમામ જોગવાઇ યથાવત રહેશે.

૪. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૧૮/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

File No: FED/BJT/e-file/6/2023/3210/M Section
Approved By: Deputy Secretary,M Section,FED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ગુજરાત સરકાર

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, અરણ્યભવન, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગની વેબસાઇટ પર મૂકવા માટે.

Validity unknown

Signed by: Himanshu Gohil
Under Secretary
Date:2024.11.22
12:02:43 +5:30